Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-17, Issue-3, December-2023
www.researchguru.net

# કવિ શ્રી ઉશનસ્ ની કવિતામાં પ્રણય નિરુપણ

**શાસ્ત્રી ડિમ્પલબહેન વિનોદચંદ્ર**

બી/૧૨, મહાલક્ષ્મી નગર સોસાયટી, પાદરા, પીન નં. ૩૯૧૪૪૦ શોધાર્થી (પીચ.ડી)

---

"ભાવ, ચિંતન અને કલ્પનની સમૃધ્ધિ, કથનવણનની સભરતાને ઇન્દ્રિયસ્પર્શિતા તથા બાનીની પ્રૌઢતા તેમજ સબળતા એમની કવિતાને એક આગવું વ્યક્તિત્વ અર્પે છે."

- ડૉ. જયંત પાઠક

**જીવન ઝરમર -**

ઉશનસ્ ( નટવરલાલ કુબેરદાસ પંડ્યા ) નો જન્મ વડોદરા જિલ્લાના સાવલી ગામે ૧૯૨૦ માં થયો હતો. ૧૯૩૮ માં ડભોઇમાંથી તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી. ઉચ્ચ અભ્યાસ અર્થે વડોદરા કૉલેજમાં જોડાયા, અને ૧૯૪૨ માં સંસ્કૃત મુખ્ય વિષય લઈ બી.એ થયા. ૧૯૪૫ માં ગુજરાતી મુખ્ય વિષય લઈ એમ.એ. થયા, ત્યારબાદ થોડોક સમય શિક્ષક તરીકે અને ૧૯૪૬ માં નવસારી કૉલેજમાં ગુજરાતીનાં અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૫૬માં તેઓ વલસાડ કૉલેજમાં બાર વર્ષ અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૫૬ માં તેઓ વલસાડ કૉલેજમાં બાર વર્ષ અધ્યાપક તરીકે અને અગિયાર વરસ આચાર્ય તરીકે રહ્યા બાદ ૧૯૮૦ માં નિવૃત થયા.

તેમણે વિદ્યાર્થીકાળમાં જ સંસ્કૃતનાં સંસ્કાર ઝીલ્યા હતા અને કિશોરવયમાં કાવ્યરચના માટેના પ્રયત્નો આરંભ્યા હતા. તેમનું પ્રથમ કાવ્ય ૧૯૩૯ માં ' કુમાર ' માં પ્રગટ થયેલું. લગભગ સાત દાયકા જેટલા લાંબા સમયથી સતત કાવ્યસર્જન કરતા રહેલા ઉશનસે મુખ્યત્વે કવિતા ઉપરાંત વિવેચનનાં પુસ્તકો પણ આપ્યાં છે. તેમણે એક પ્રવાસ ગ્રંથ અને એક સંસ્મરણોનું પુસ્તક પણ આપ્યાં છે. ૧૯૭૨ માં તેમની કાવ્યપ્રવૃતિને રણજિતરામ સુવર્ણચંદ્રકથી પુરસ્કૃત કરવામાં આવી હતી. કવિએ પોતે પોતાની શબ્દસાધના આ રીતે વ્યક્ત કરી છે.

અહો શબ્દો મારા
ઋતુ ઋતુ તણા જીવ કુસુમો
નિરાળાં કોળી રહે
રુપથી, રસથી, સૌરભ થકી.

કવિની 'પ્રસૂન' કાવ્યસંગ્રહથી આરંભાયેલી કાવ્યપ્રવૃતિ 'અશ્વત્થ' સુધી અને તે પછી પણ અવિરત ચાલુ રહી છે. તેમનાં કાવ્યોમાં મૌગ્ધ્ય, વિસ્મય અને બળકટ તત્વોનું કળામય રસાયણ એક અનોખી તેમ રુચિર મુદ્રા ધારણ કરે છે. તેમણે મહદંશે રુઢ કાવ્યરુપોને સફળતાથી પ્રયોજ્યાં છે. મુક્તકો લઘુ અને દીર્ઘ છંદોબદ્ધ અને અછાંદસ ઊર્મિકાવ્યો, ગીતો તેમજ હાઈકુ રચ્યાં છે. પરંતુ તેમની પ્રતિભા સૌથી વધુ મહોરી ઊઠી છે સોનેટમાં તેમનાં

પ્રણયકાવ્યોમાં પણ સોનેટ સંખ્યા અને સત્વ બેઉ દ્રષ્ટિએ સવિશેષ સમૃધ્ધ છે.

કવિનાં પ્રણયવિષયક કાવ્યોનો અભ્યાસ કરતાં લાગે છે કે, પ્રણયનિરુપણ અંગેનું તેમનું વલણ પરંપરાનિષ્ઠા છે. છેલ્લા બે દાયકાની પ્રણય કવિતામાં છૂટથી યોજાતાં પ્રતીકો ઉશનસ્ નાં પ્રણય કાવ્યોમાં ક્વચિત જ દેખાય છે. પ્રણય જીવનનું ધારક બળ છે, તેમાં સૌંદર્ય, માંગલ્ય, પાવિત્ર્ય છે, દાંપત્યજીવન સંવાદિતાપૂર્ણ હોય, પ્રેમમાં મિલનનાં આનંદ-ઉલ્લાસ અને વિયોગનાં તડપન-વેદના પણ હોય પરંતુ બેઉ અવસ્થાઓમાં સંયમ-ધૈર્ય-સમજ દાખવવાં જોઇએ--આવું વલણ તેમનાં ઘણાંખરાં પ્રણયકાવ્યોમાં જોઇ શકાય છે. તેઓ પ્રણયમાં વિરહને પાવક બળ માને છે. વિરહને તેમને જીરવી જાણ્યો છે.

કવિના સર્જનમાં શ્રધ્ધાની સાથે તાર્કિકતાના અંશો પણ જણાય છે. પરિણામે તેમના પ્રણયનિરૂપણમાં રોમેન્ટિક ઉદ્રેકોને ઓછું સ્થાન છે. કવિનાં કાવ્યોમાં 'પ્રીત' શબ્દ વારંવાર યોજાય છે, પ્રણયનાં ઉગ્ર ધમસાણો તેમજ સૌંદર્ય અને કામનાની માંસલ રમણાઓ કરતાં તેઓ સ્નિગ્ધ, કોમળ પ્રીતિનું રૂપ જ સવિશેષ પ્રગટ કરે છે. કવિ લગ્નોત્તર દાંપત્યજીવનના પ્રણયભાવને પરંપરાગત ભારતીય આદર્શ અને શ્રધ્ધાથી સ્વિકારે છે એટલું જ નહિ, સમકાલીન ભાવનાવિચ્છેદના વાતાવરણમાં પણ તેને સ્વાનુભૂત બળથી આલેખી પોતાની મૌલિકતા જાળવી રખે છે. 'અશ્વત્થ' કાવ્ય-સંગ્રહનાં 'નવું ઘરેણું', 'સોહગ રાત અને પછી', 'અદ્વૈત', 'આણું', 'તમે સાથે રહેજો' જેવાં સોનેટોનાં પ્રણયાલેખનમાં કવિની શ્રદ્ધાના રંગો સહજપણે ઊતરેલા જોઇ શકાય છે.

ઉમાશંકર અને સુન્દરમ્ પછીના દાયકાઓમાં લખાયેલી ગુજરાતી કવિતામાં જો મોટી સંખ્યામાં સોનેટ પ્રાપ્ત થતાં હોય તો તે ઉશનસ્ પાસેથી. સંખ્યા અને સત્વમાં આ સોનેટ રચનાઓ ધ્યાનપાત્ર છે. તેમાં કવિનાં અનુભૂતિબળ, સમૃદ્ધ કલ્પનાશક્તિ, શ્રદ્ધા-લાગણી રસિત વિચાર, અર્થ-ભાવભરી બાની, ભાવાનુરૂપ લય-છંદનું સંયોજન જોઇ શકાય છે. પ્રણયભાવને નિરૂપતાં આ સોનેટોમાં ભાવનું વૈવિધ્ય તુરત જ ધ્યાન ખેંચે છે. 'મનોમુદ્રા' કાવ્યસંગ્રહના 'નજર' સોનેટમાં મુગ્ધ પ્રણયભાવ નિરૂપાયો છે, તો 'આર્દ્રા'ના 'ભલે ઉંઘંતી શ્રાંતિ' સોનેટમાં રોજિંદી બોલચાલની વાણીમાં ઘરસંસારની ઘટનાનું વાસ્તવિક ચિત્ર આલેખાયું છે. 'તૃણનો ગ્રહ' કાવ્ય સંગ્રહમાંનાં સોનેટો 'હવે તો' અને 'ઘડી' માં રાધા કૃષ્ણના પ્રતીકને આયાસપુર્વક યોજવામાં આવ્યું હોવાથી છાપ પડે છે. તેમની સર્ગશક્તિનો સમર્થ ઉન્મેષ 'રસ્તો અને ચહેરા' સોનેટ ગુચ્છનાં 'ભય કશો', 'બરાબર આમ જ ','અસફલ', 'હવે આ રસ્તાઓ ઉપર', આ સોનેટ વાંચવાં ગમે તેવાં બન્યાં છે, પરંતુ ચિત્ત ઉપર ઊંડી અસર મૂકી જાય તેવાં બની શક્યાં નથી. પરંતુ 'તૃણનો ગ્રહ' માંના 'ઉપેક્ષક પ્રિયાને' જેવાં કેટલાંક સોનેટોમાં ઘૂંટાયેલી

અનુભૂતિની કલાત્મક અભિવ્યક્તિ મર્મસ્પર્શી થઇ શકી છે.

કવિનાં સોનેટોમાં પ્રણયવૈફલ્યનું દર્દ મહદંશે રૂઢ પ્રતીકો દ્વારા પ્રગટ થયું છે, છતાં અનુભૂતિની સચ્ચાઈ અને અભિવ્યક્તિની કલાત્મકતાને લઈને ભાવકને સ્પર્શે છે. 'શબ્દત્રયી' સોનેટમાં પ્રિયતમાના પ્રેમનું શર કેવું દર્દ આપે છે, તે નિરુપાયું છે:

'તને હું ઝંખું છું '
દરદ-વિષ-પાઇ તીરફળું
કર્યું બન્ને ધારે
નિશિત પથરી યે ઘસી ઘસી,
અરે, એણે મારી
પથરી ય ઘસી નાંખી કંઈ તો.'

'પ્હાડ ઝમતો' સોનેટમાં વૈફલ્યનું દર્દ તીવ્રપણે પ્રગટ થયું છે. પ્રણયીના પ્રણયનો પ્રતિઘોષ સામેના હૈયામાં ન પડયો છતાં દર્દીલી ખુમારીથી પ્રણયી હૈયું ભીની માટીગંધા પ્હાડ સમું ઝમ્યા કરે છે.

'જવા દો આજે એ
મુખની પુરી યાદે નથી રહી,
ગયો છું ભૂલી એ
ક્ષણ ક્ષતની તો યે રહી રહી'
ઉનાળુ કો કાચા
ઘટ સમ હજી રંધ્ર શતથી
ભીની માટીગંધે
ઉશનસતણો પ્હાડ ઝમતો.'

'ઉપેક્ષક પ્રિયાને' સંબોધીને શિખરિણિમાં રચયેલાં ચાર સોનેટોમાં પ્રણયીની ઉત્તરોત્તર વધતી જતી વ્યથાનું નિરૂપણ થયું છે. આ ચારે સોનેટોમાં ઐકાંન્તિક પ્રણયની તીવ્રતા ધારણબળ બની રહે છે. પ્રિયાએ પ્રણયીની ઉપેક્ષા કરી, પરિણામે પ્રણયીનું જગ અંધકારમય બન્યું અને હાસ્યનાં કુસુમો કરમાઈ ગયાં,પર્ણે પર્ણે મહોરી ઊઠતો પીપળો પણ પ્રિયતમાની ઉપેક્ષાથી મૂક બન્યો. કાવ્યની કેટલીક પંક્તિઓ બાનીગત અતિ સરળતા,ઊર્મિની ઊણપે કરી કવિતાભાસી પણ બની જાય છે. કવિને કેટલીકવાર ભાવાભિવ્યક્તિ માટે ઈન્દ્રિયસંવેધ વ્યંજના પુર્ણ પ્રતીકો કે કલ્પનો હાથ લાગતાં નથી, તેથી પણ કાવ્યમાં પધાળુતા સર્જાય છે.

કવિએ 'તમે સાથે રહેજો' સોનેટમાં સ્ત્રિ - મુખે ઘરાળુ બાનીના લહેકામાં પ્રૌઢ પ્રણયનું નિરૂપણ બ. ક. ઠાકોરનાં તેવા નિરૂપણના સંસ્કારોને પ્રગટ કરે છે. પરંતુ ઠાકોરની નાયિકાનું રસિક ચાતુર્ય ઉશનસ્ ની નાયિકામાં જોવા મળતું નથી. ઉશનસ્ ના કાવ્યની ભારતીય નારી પતિપ્રેમમાં દૃઢ આસ્થા ધરાવતી હોઈ , માને છે કે જીવનના કંટકભર્યા પથમાં તેનો પતિ વૃક્ષની જેમ શીતલ છાયા અર્પશે . કવિનું 'અદ્વૈત ઉત્સુક પ્રીત ' સોનેટ, ભાવાલેખનની દષ્ટિએ , તેમનાં અન્ય સોનેટોમાં નોખું તરી આવે છે તેમાં પ્રણયભાવનો મુગ્ધ રોમેન્ટિક

ઉન્મેષ પ્રગટ થયો છે. પ્રિયતમા સાથેના અદ્વૈત માટેની ઝંખના સોનેટની પ્રત્યેક પંક્તિમાં ઉત્તરોત્તર તીવ્ર થતી જાય છે. પ્રણયના અનુભવોનું નિરૂપણ હાર્દ બન્યું છે:

' હા, હું અધીર:
ઉરસ્પંદત કંપતા કરે
સ્પર્શું તને, તવ
તને પછી રોમહર્ષની
- જોતાં પડે રસ
અખૂટ - સ્ફુરંત શ્રેણીઓ
જે વીંટળાઈ
વળતી તન-વલ્લીને લય,
ને આનને છલત
લાલમલાલ કો મદ્ય'

કવિના આ સોનેટમાં ભાવની ઉત્કટતા અને છંદોલયની સુઘડતા છે; પરંતુ કાવ્યબાનીમાં 'રોમહર્ષ' અને 'અભ્યંત્ર' જેવા સંસ્કૃત શબ્દ સાથે બેમેળ તળપદા શબ્દોનું અનેકવાર મિશ્રણ થયું છે. ઘણીવાર તે કાવ્યોચિત એકરૂપતા સાધી શકતું નથી. તેમની આ એક મર્યાદા છે.

કવિએ 'વિરહના ચાતુર્માસ' અને 'પ્રીતિની પાંચ ગીતિઓ' પણ રચેલી છે. પરંતુ તેમાં કાવ્યત્વ અનુભવાતું નથી. પરંપરિત પ્રણયભાવનું તેમાં થયેલું આલેખન સામાન્ય લાગે છે.

સમગ્ર રીતે જોતાં જણાય છે કે, ઉશનસ્ સ્વસ્થ, ગંભીર, ગહન, પ્રૌઢ પ્રણયભાવના નિરૂપણમાં સારી સિદ્ધિ દાખવે છે. પરંતુ મુગ્ધ, તરલ, ચંચલ, મસ્તીભર્યા પ્રણયના નિરૂપણમાં તેઓ ઝાઝું જામી શક્તા નથી. વસ્તુતઃ પ્રણયનિરૂપણ પરત્વે તેઓ ગાંધીયુગની પ્રણયકવિતાની પરંપરાને જ મહદંશે અનુસરતા રહ્યા છે.

**<u>સંદર્ભ સૂચિ</u>**


૧. ઉશનસ્ની કવિતા - સંપાદક - સુરેશ દલાલ
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧
પ્રકાશક - પરિચય ટ્રસ્ટ
મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ,
નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ,
મુંબઈ - ૪૦૦૦૦૨
મૂલ્ય - પંદર રૂપિયા

૨. ગુજરાતી સાહિત્ય - એક અભ્યાસ- ડૉ. શહેઝાદ કાઝી
બીજી આવૃત્તિ : ૨૦૧૪
પ્રકાશક - કિશ્વા પબ્લિકેશન
મુગલવાડા, કસ્બા હુસૈની મસ્જીદ પાસે, મોડાસા- ૩૮૩૩૧૫ જી. અરવલ્લી
મૂલ્ય - ૯૦